જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૯/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૧૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૧	૧૦૯	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૩૨૮	૧૦૫	૭૧૪૩૩	૭૨૩૩૦	૧૦૫	૭૨૪૩૫
કુલ		૮૭૮૪૬	૧૦૬	૮૭૯૫૨	૯૬૭૭૪	૧૦૫	૯૬૮૭૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭	૩,૮૦,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૪૧	૧૧,૪૧,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને પાસા એક્ટ હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે.માં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી મોહંમદઆશીફ મોહંમદઈદરીશ જાતે-મન્સુરી ઉ.વ.૩૮ રહે.મ.નં.૧૯, ગ્રીન ડુપ્લેક્ષ ગ્રીનપાર્ક સોસાયટીની બાજુમાં, હાફીજી મસ્જીદ સામે ફતેવાડી કેનાલ રોડ જુહાપુરા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ઘણા ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૦૫/૨૦૨૧ તા.૨૦/૦૯/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા:૨૦/૦૯/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૨૦/૦૯/૨૦૨૧

પાસા અટકાયતીનું નામ સરનામુ :-

મોહંમદઆશીફ મોહંમદઈદરીશ જાતે મન્સુરી ઉ.વ.૩૮ રહે.મ.નં.૧૯, ગ્રીન ડુપ્લેક્ષ ગ્રીનપાર્ક સોસાયટીની બાજુમાં, હાફીજી મસ્જીદ સામે ફતેવાડી કેનાલ રોડ જુહાપુરા અમદાવાદ શહેર

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ :-

(૧) નારોલ પો.સ્ટે પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૫૬૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ ક્લમ ૬૫(એ)(ઇ) ૬૬(બી) ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ

મુદ્દામાલ :-

ભારતીય બનાવટના વિદેશીદારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૮૪ કિ.રૂ.૪૨૦૦૦/- તથા ભારતીય બનાવટના વિદેશીદારુની ૧૮૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૯૬ કિ.રૂ.૧૧૫૨૦/- તથા ઓટોરિક્ષાની કિ.રૂ.૫૦૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૩ કિ.રૂ.૬૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૦૯૫૨૦/-ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે તે.

(૨) પાર્ટ.સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૭૨૫/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ) ૬૬(બી), ૧૧૬(બી) મુજબ

મુદ્દામાલ :-

ભારતીય બનાવટના વિદેશીદારુની બોટલ નંગ–૦૯ કિ.રૂ.૪૫૦૦/– ની મત્તાનો મુદામાલ

(૩) પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૨૯૧/૨૦૨૧ ૦૬૫૨૦૦૩૮૩/૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ) ૬૬(બી), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

મુદ્દામાલ :-

ભારતીય બનાવટના વિદેશીદારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ કુલ બોટલ નંગ – ૨૧૬ જેની કુલ્લે કિ.રૂ.૧,૦૮,૦૦૦/– તથા ઓટોરિક્ષાની કિ.રૂ.૭૦,૦૦૦/– તથા મોબાઈલ ફોન નંગ–૦૧ ની કિ.રૂ.૪૦૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૧,૮૨,૦૦૦/– ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ :-

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૨૦/૨૦૨૧**

પાલડીઃ જીગર ધુર્જટી વૈષ્ણવ (રહે. પંકજ સોસાયટી પાલડી ભટ્ઠા પાલડી) એ તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૧ સવારના ૭/૩૦ થી તા.૧૯/૦૯/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીના સળીયા તોડી બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૨૧/૨૦૨૧**

માધવપુરાઃ શક્તિ નરેશભાઇ બોડાણા (ઉ.વ.૨૨) (રહે. શંકરપુરાની ચાલી મહેદીકુવા માધવપુરા) તા.૨૦/૦૯/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મહેંદીકુવા અલ્પેશ ઇન્ડસ્ટ્રીજ નામના કારખાનામાં શેરીંગ મશીનમા પતરા કટીંગ કરવાનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રુગનાથજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૨૨/૨૦૨૧**

નરોડાઃ જાનવી ડો/ઓ મહેશભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે. મોટો પટેલ વાસ શક્તિ માતાના મંદિરની બાજુમાં મુઠિયા ગામ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

રામોલઃ રામોલ સી.ટી.એમ સિંધવાઈ મંદીર પાછળ મારૂતી એસ્ટેટ અવની પ્લાષ્ટીકની કંપનીના આવાસ ખાતે પિતા સાથે રહેતા ગીતાબહેન ડો/ઓ ગુલાબભાઈ બારીયા (મુળ વતન. ગામ-રંભોળા તા.માલપુર જી.અરવલ્લી) એ બિમારીથી કંટાળી તા.૧૯/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકમાં છતમાં લોખંડનાં પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.